Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
સરકારશ્રીની "માં કાર્ડ યોજના" હેઠળ અનુભવી ડૉક્ટર્સ દ્વારા જનરલ સર્જરી અને ENT સર્જરી ફ્રી કરવામાં આવે છે.
કેશલેસ અને મેડીક્લેઈમની સેવા ઉપલબ્ધ - ૨૪ કલાક ઈમરજન્સી
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ વદ ત્રીજ શનિવાર ૧ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૩૯

પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

# સુરતના અંબિકામાં 20.60 ઈંચ વરસાદ, વાગરામાં એકનું મોત

**ગીરાધોધ પ્રવાસીઓ માટે બંધ કરાયો**

**સોનગઢના મકાનોમાં પાણી ઘૂસ્યા**

**હથનુર ડેમમાંથી 3.56 લાખ ક્યુસેક પાણી છોડાયુ**

**અંકલેશ્વરમાં ડૂબી રહેલા બેને વચાવાયા**

**રાજ્યના** 10 જિલ્લામાં રેડ એલર્ટ, 10,891 લોકોનું સ્થળાંતર

NDRF-SDRF અને સેના સ્ટેન્ડબાય

**આજે** અને કાલે દક્ષિણ-મધ્યગુજરાતમાં ભારે વરસાદની આગાહી



ગાંધીનગર, સુરત : ચોમાસાની સક્રિય સિસ્ટમના કારણે ગુજરાતમાં વરસાદનો વધુ એક તોફાની રાઉન્ડ શરૂ થયો છે. પશ્ચિમ મધ્ય છત્તીસગઢ અને વિદર્ભ વિસ્તાર પર રહેલું ડિપ્રેશન પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધી રહ્યું હોવાથી દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી છે. શુક્રવારે સવારે 6 વાગ્યાથી સાંજે 6 વાગ્યા સુધી રાજ્યના સરેરાશ 185 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો, જેમાં સુરત જિલ્લાના અંબિકા તાલુકામાં સૌથી વધુ 11.46 ઈંચ વરસાદ વરસતા અનેક વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી. ભારે વરસાદ અને આગામી બે દિવસની ગંભીર આગાહીને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગે 10 જિલ્લાઓમાં રેડ એલર્ટ અને 6 જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે, જ્યારે રાજ્ય સરકારે રાહત અને બચાવ કામગીરી માટે એનડીઆરએફ, એસડીઆરએફ અને સેનાને સ્ટેન્ડબાય રાખી છે. ભારે વરસાદને કારણે રાજ્યમાં અત્યાર સુધી 10,891 લોકોને સલામત સ્થળોએ સ્થળાંતરિત કરવામાં આવ્યા છે.હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ, 40થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન અને ગાજવીજની આગાહી કરી છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવા, નદી-નાળાઓમાં જળસ્તર વધવા અને શહેરી વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ શકે તેવી શક્યતા વ્યક્ત કરી છે.

ભારે વરસાદના કારણે ડાંગ જિલ્લામાં પણ 100થી વધુ ગામનો વહિવટી સંપર્ક તૂટી ગયો હતો જ્યારે મહાલની એકલવ્ય શાળાના પ્રાંગણમાં પાણી ભરાઈ જતાં 311 વિદ્યાર્થીનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. વલસાડ જિલ્લાના કોટ વિસ્તારમાં ફરી એક વખત પાણી ફરી વળ્યા છે. વલસાડ જિલ્લાના ધમરપુર તાલુકામાં સૌથી વધુ 8 ઈંચ વરસાદ નોંધાયો હતો. તાપી જિલ્લાના સોનગઢના ઈસ્લામપુરામાં મકાનોમાં પાણી ઘૂસ્યા હતા. જિલ્લામાં રેડ એલર્ટ વચ્ચે માત્ર 12 કલાકમાં વિવિધ તાલુકાઓમાં 4 ઈંચથી લઈને 12 ઈંચ સુધી વરસાદ નોંધાતા અનેક વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી. જિલ્લામાં સૌથી વધુ વરસાદ અંબિકા તાલુકામાં નોંધાયો હતો અહીં 11.46 ઈંચ વરસાદ પડ્યો હતો. મહારાષ્ટ્રના હથનુર ડેમમાંથી 41 ગેટ ફુલ ખોલીને 3.56 લાખ ક્યુસેક પાણી છોડાતા ઉકાઈડેમમાં 1.96 લાખ ક્યુસેક આવક થઈ હતી. સુરત જિલ્લાના 97 માર્ગ સલામતિની દ્રષ્ટીએ બંધ કરવામાં આવ્યા હતાં. જ્યારે ભરૂચ જિલ્લામાં તળાવમાં ડૂબી જતાં એકનું મોત થયું હતું જ્યારે નદીના વહેણમાં ધસી રહેલી બે વ્યક્તિને બચાવી લેવાઈ હતી. અમલસાડમાં આર્મીની ટુકડી ઉતારાઈ નવસારી જિલ્લામાં અને ઉપરવાસમાં ધોધમાર વરસાદને પગલે પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. સૌથી વધુ વાંસદા તાલુકામાં 11 ઈંચ વરસાદ નોંધાયો છે, જ્યારે ડાંગ જિલ્લામાં ભારે વરસાદના કારણે પૂર્ણા નદીનું જળસ્તર સતત વધી રહ્યું છે. સાંજે 6 વાગ્યે પૂર્ણા નદી 23 ફૂટની સપાટીએ વહેતી હોવાથી રાત્રિ દરમિયાન વધુ પાણી આવવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. નવસારી જિલ્લામાંથી ૬,૯૮૪ લોકોને સલામત સ્થળે ખસેડવામાં

...અનુસંધાન પાના 11 પર

**ગુજરાતના આ તાલુકામાં 8થી વધુ ઈંચ વરસાદ**

| | |
|---|---|
| અંબિકા | 20.60 ઈંચ |
| નેત્રંગમાં | 11.02 ઈંચ |
| ઉમરપાડા | 10.48 ઈંચ |
| માંગરોળ | 10.12 ઈંચ |
| પલસાણા | 8.24 ઈંચ |
| વાંસદા | 9.84 ઈંચ |
| વસો | 9.53 ઈંચ |
| ડોલવણ | 9.37 ઈંચ |
| સુબીર | 8.50 ઈંચ |

**સુરત જિલ્લો**
1117ને સલામત સ્થળે ખસેડાયા
97 માર્ગ બંધ

**ભરૂચ જિલ્લો**
15 માર્ગ બંધ
725નું સ્થળાંતર

**ડાંગ જિલ્લો**
20 માર્ગ બંધ
સ્થળાંતર નથી

**તાપી જિલ્લો**
1391 લોકોને સલામત સ્થળે ખસેડાયા હતા.
129 માર્ગ બંધ તાપી જિલ્લાના 120 માર્ગ બંધ

**નર્મદા જિલ્લો**
178નું સ્થળાંતર

**નવસારી જિલ્લો**
6984નું સ્થળાંતર
130 માર્ગ બંધ

**વલસાડ જિલ્લો**
800 નું સ્થળાંતર
136 રસ્તા બંધ


માંડવીના ઉશ્કેર-નોગામા વચ્ચે રાજ્ય ધોરી માર્ગ...

## રશિયન સેનામાં હજુ 24 જેટલા ભારતીય

નવી દિલ્હી, તા. 31 (PTI): વિદેશ મંત્રાલયે શુક્રવારે જણાવ્યું હતું કે રશિયન સેનામાં હજુ પણ લગભગ 24 ભારતીય નાગરિકો કાર્યરત છે અને તેમની મુક્તિ માટે રશિયન સરકાર સાથે સતત સંપર્ક સાધવામાં આવી રહ્યો છે. અત્યાર સુધી ભારત સરકારના પ્રયાસોથી 139 ભારતીયોને પરત લાવવામાં સફળતા મળી છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે પત્રકાર પરિષદમાં જણાવ્યું કે ભારત રશિયન સૈન્યમાં રસોઈયા, સહાયક સહિત અન્ય સપોર્ટ સ્ટાફ તરીકે જોડાયેલા તમામ ભારતીયોની મુક્તિ માટે સતત પ્રયાસ કરી રહ્યું છે. બાકીના ભારતીયોને પણ વહેલી તકે પરત લાવવા માટે રશિયન પક્ષ સાથે વાતચીત ચાલુ છે.

તેમણે ભારતીય નાગરિકોને ચેતવણી આપતાં કહ્યું કે શંકાસ્પદ વ્યક્તિઓ અથવા એજન્સીઓ દ્વારા આપવામાં આવતી જોખમી વિદેશી નોકરીની ઓફરોથી દૂર રહેવું જોઈએ.

યુક્રેન યુદ્ધ દરમિયાન રશિયન સેનામાં સેવા આપતા 30થી વધુ ભારતીયોનાં મોત થઈ ચૂક્યા છે.

આ દરમિયાન સુપ્રીમ કોર્ટે પણ શુક્રવારે કેન્દ્ર સરકારને વિદેશ મંત્રાલયમાં એક નોડલ અધિકારીની નિમણૂક કરવાનો નિર્દેશ આપ્યો છે. આ અધિકારી રશિયા-યુક્રેન યુદ્ધમાં મૃત્યુ પામેલા, ગુમ થયેલા

...અનુસંધાન પાના 11 પર

## દિલ્હી રમખાણ કેસઃ આપ નેતા તાહિર હુસૈન સહિત પાંચને આજીવન કેદ

**આઈબીના** અધિકારી અંકિત શર્મા હત્યા કેસ 'રેરેસ્ટ ઓફ રેર' નહીં હોવાથી કોર્ટે ફાંસીની સજા નકારી

**તાહિર** હુસૈને કહ્યું તે દિલ્હી હાઈકોર્ટમાં જશે આમ આદમી પાર્ટીએ હુસૈનથી અંતર જાળવ્યું, ભાજપે કેજરીવાલ પાસે માફીની માગ કરી



નવી દિલ્હી, તા. 31 (પીટીઆઈ): 2020ના દિલ્હી રમખાણો દરમિયાન ઈન્ટેલિજન્સ બ્યુરો (આઈબી)ના અધિકારી અંકિત શર્માની હત્યાના કેસમાં દિલ્હીની અદાલતે શુક્રવારે આમ આદમી પાર્ટીના પૂર્વ કોર્પોરેટર તાહિર હુસૈન અને અન્ય ચાર દોષિતોને આજીવન કેદની સજા ફટકારી હતી. કોર્ટે જણાવ્યું કે આ કેસ 'રેરેસ્ટ ઓફ રેર' શ્રેણીમાં આવતો નથી, તેથી મૃત્યુદંડ આપવાનો પ્રશ્ન ઊભો થતો નથી.

એડિશનલ સેશન જજ પ્રવીણ સિંહે કડક સુરક્ષા વચ્ચે આ ચુકાદો સંભળાવ્યો હતો. સજાના મુદ્દે બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે સરકારની મૃત્યુદંડની માગ ફગાવી દીધી. કોર્ટે કહ્યું કે દોષિતોમાં સુધારાની કોઈ શક્યતા નથી તેવું સાબિત કરવામાં સરકારી પક્ષ નિષ્ફળ રહ્યું છે. કોર્ટે હુસૈનને કેદની સજા ઉપરાંત વિવિધ સજાઓ હેઠળ 5 લાખથી વધુનો દંડ પણ ફટકાર્યો હતો.

ચુકાદામાં કોર્ટે નોંધ્યું કે દોષિતો

...અનુસંધાન પાના 11 પર

## ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં સામાન્ય કરતા ઓછો વરસાદ પડશે

**ઓગસ્ટમાં** પણ ૯૪% થી ઓછો વરસાદ રહેવાની શક્યતા; જુલાઈમાં રિક્વરી છતાં દક્ષિણ ભારતમાં ગરમીનો ૧૨૫ વર્ષનો રેકોર્ડ તૂટ્યો

**નવી દિલ્હી:** ભારતીય હવામાન વિભાગે શુક્રવારે ચોમાસાના બીજા તબક્કા (ઓગસ્ટ અને સપ્ટેમ્બર) માટે પોતાની આગાહી જાહેર કરી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, ઓગસ્ટ અને સપ્ટેમ્બર દરમિયાન સમગ્ર દેશમાં સરેરાશ વરસાદ સામાન્ય કરતા ઓછો રહેવાની ભારે શક્યતા છે.

ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિના દરમિયાન લૉંગ પીરિયડ એવરેજ (LPA) ના ૯૪ ટકા કરતા ઓછો વરસાદ નોંધાઈ શકે છે. ઓગસ્ટ અને સપ્ટેમ્બર માટે ૧૯૭૧થી ૨૦૨૦ના ડેટા આધારિત LPA ૪૨૨.૮ મિમી છે.

એકલા ઓગસ્ટ મહિનામાં પણ દેશભરમાં ૯૪% થી ઓછો વરસાદ રહેવાનો અંદાજ છે. ઓગસ્ટનો સામાન્ય LPA વરસાદ ૨૫૪.૯ મિમી ગણાય છે.

દક્ષિણ દ્વીપકલ્પના કેટલાક ભાગો, મધ્ય ભારત, ઉત્તર-પશ્ચિમ ભારતનો ઉત્તરીય ભાગ અને પૂર્વ-ઉત્તરપૂર્વ ભારતમાં સામાન્ય કે તેથી વધુ વરસાદ થઈ શકે છે.

**જુલાઈમાં વરસાદી રિકવરી કેવી રીતે થઈ?**

IMDના ડાયરેક્ટર જનરલ ડો. મૃત્યુજય મહાપાત્રાના જણાવ્યા અનુસાર, જૂન મહિનાના અંતે દેશમાં વરસાદની ખાધ ૩૫.૪% હતી, જે જુલાઈમાં ઘટીને ૧૩% પર આવી ગઈ હતી. જુલાઈમાં સરેરાશ ૨૮૦.૫ મિમી સામે ૨૮૩.૩ મિમી વરસાદ નોંધાયો હતો.

જુલાઈમાં સારા વરસાદના મુખ્ય બે કારણોઃ

બંગાળની ખાડીમાં સિસ્ટમઃ જુલાઈમાં બંગાળની ખાડીમાં ૪ લો-પ્રેશર સિસ્ટમ બની હતી, જેમાંથી ૨ ડિપ્રેશનમાં ફેરવાઈ હતી. જુલાઈમાં સામાન્ય રીતે ૧૩.૫ લો-પ્રેશર દિવસો હોય છે, જેની સામે આ વર્ષે ૨૪ દિવસો નોંધાયા હતા.

મેડન-જુલીયન ઓસિલેશનઃ જુલાઈના પ્રારંભિક તબક્કામાં MJO સાનુકૂળ સ્થિતિમાં હોવાથી દક્ષિણ અને ઉત્તર ભારતમાં વાદળોનો જમાવડો વધ્યો હતો અને સારા વરસાદમાં મદદ મળી હતી.

**રેકોર્ડબ્રેક અત્યંત ભારે વરસાદ અને ગરમી**

ગુજરાત-ઓડિશા-મહારાષ્ટ્રમાં ભારે વરસાદઃ છેલ્લા ૫ વર્ષની સરખામણીએ ૨૦૨૬ ના જુલાઈમાં અત્યંત ભારે વરસાદ (૨૦૪.૫ મિમીથી વધુ)ના સૌથી વધુ ૨૬૯ બનાવો બન્યા હતા, જે મુખ્યત્વે ગુજરાત, ઓડિશા અને મહારાષ્ટ્રમાં કેન્દ્રિત હતા.

જુલાઈમાં દેશમાં સરેરાશ વરસાદ સારો રહ્યો હોવા છતાં દક્ષિણ દ્વીપકલ્પમાં વરસાદ ૧૯૦૧ પછીનો ૧૦મો સૌથી ઓછો (૧૫૨.૬ મિમી) રહ્યો હતો. આ કારણે આ વિસ્તારમાં જુલાઈનું ન્યૂનતમ તાપમાન ૨૪.૬૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ૧૯૦૧ પછી જુલાઈ મહિના માટેનું સૌથી વધુ તાપમાન છે.

## E20 પેટ્રોલ સામે કેજરીવાલ રાષ્ટ્રીય ઝુંબેશ શરૂ કરશે

**તહસીન** પુનાવાલાની ભૂખ હડતાળ

આજે દિલ્હીમાં 'National Town Hall Against E20'નું આયોજન;

**વાહનોને** નુકસાન અને એવરેજ ઘટવાના મુદ્દે વિપક્ષ અને એક્ટિવિસ્ટ્સ કેન્દ્ર સરકાર સામે આક્રમક




નવી દિલ્હી, તા. 31: કેન્દ્ર સરકારની ૨૦% ઈથેનોલ-મિશ્રિત પેટ્રોલ (E20) નીતિ સામે દેશભરમાં વિરોધનો સૂર વધુ તીવ્ર બની રહ્યો છે. શનિવારે (૧ ઓગસ્ટ) દિલ્હીમાં આ મુદ્દે બે મોટા વિરોધ પ્રદર્શનો યોજાવા જઈ રહ્યા છે. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ 'નેશનલ ટાઉન હોલ' યોજીને દેશવ્યાપી આંદોલનનો પ્રારંભ કરશે, જ્યારે બીજી તરફ સામાજિક કાર્યકર તહસીન પુનાવાલા મૌન માર્ચ અને ભૂખ હડતાળ પર બેસશે.

અરવિંદ કેજરીવાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને માહિતી આપી હતી કે શનિવારે બપોરે ૧૨ વાગ્યે નવી દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબ ખાતે આ 'નેશનલ ટાઉન હોલ' યોજાશે. તેમણે સંકેત આપ્યો હતો કે આ કાર્યક્રમમાં દેશની એક જાણીતી અને અગ્રણી હસ્તી પણ તેમની સાથે જોડાશે. દિલ્હી અને આસપાસના વિસ્તારના લોકોને રૂબરૂ હાજર રહેવા અપીલ કરવા સાથે, દેશભરના લોકો ઓનલાઈન જોડાઈ શકે તે માટે AAP દ્વારા વોટ્સએપ નંબર (8588833212) પણ જાહેર કરવામાં આવ્યો છે.

...અનુસંધાન પાના 11 પર

**તા. ૩૧-૦૭-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન**

| વરસાદ | આજનો | મોસમનો |
|---|---|---|
| (૧૮.૦૦ કલાક સુધી) | ૫૦.૦ મીમી | ૪૯૬ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૦.૮ સે. | ૨૫.૬ સે. | ૯૫% |

## પાકિસ્તાનમાં હિમસ્ખલનઃ પ્રખ્યાત પર્વતારોહક નિર્મલ પુર્જા સહિત 6 ગુમ

**8,051** મીટર ઊંચા બ્રોડ પીક પર્વત પર 7,000 મીટરની ઊંચાઈએ 10 પર્વતારોહકોની ટીમ હિમસ્ખલનની ચપેટમાં આવી

**બચાવ** ટીમે અત્યાર સુધી 4ના મૃતદેહ બહાર કાઢ્યા; ખરાબ હવામાન વચ્ચે શોધખોળ ચાલુ

ઈસ્લામાબાદ-કર્ણાટક, તા. 31 (PTI): પાકિસ્તાનના 'બ્રૉડ પીક' પર્વત પર આવેલા ભીષણ હિમસ્ખલનમાં નેપાળના પ્રખ્યાત પર્વતારોહક નિર્મલ પુર્જા સહિત 6 પર્વતારોહકો ગુમ થઈ ગયા છે. બચાવ ટીમે અત્યાર સુધીમાં 4 મૃતદેહ બહાર કાઢ્યા છે, જ્યારે ખરાબ હવામાન વચ્ચે પણ શોધખોળ અભિયાન ચાલુ રાખવામાં આવ્યું છે.

અલ્પાહાઈન ક્લબ ઓફ પાકિસ્તાને આશંકા વ્યક્ત કરી છે કે કેટલાક સ્થાનિક હાઈ-એલ્ટિટ્યૂડ પોર્ટર્સ (સામાન ઊંચકનારા સ્થાનિક લોકો) પણ આ હિમસ્ખલનમાં ફસાયા હોઈ શકે છે.

વિશ્વના 12મા સૌથી ઊંચા 8,051 મીટર ઊંચા બ્રૉડ પીક પર ગુરુવારે સવારે 9.00 વાગ્યે આશરે 7,000 મીટરની ઊંચાઈ પર આ ઘટના બની હતી. શિખર સર કરવા નીકળેલી 10 સભ્યોની ટીમ હિમસ્ખલનની ચપેટમાં આવી ગઈ હતી, જેમાં નેપાળના 6, પાકિસ્તાનના 1, ઓમાનના 1, અમેરિકાના 1 અને ચીનના 1 પર્વતારોહકનો સમાવેશ થાય છે. મૃતકોમાંથી ઓમાનના

...અનુસંધાન પાના 11 પર